Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-43■ તા. 23-10-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

ટી ટવેન્ટી વિશ્વકપમાં આજે મહામુકાબલો

એક લાખ જેટલા દર્શકોની વચ્ચે ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી૨૦ વિશ્વકપનો મહાજંગ ખેલાશે

મેલબોર્ન,તા.૨૨

આઈસીસી વિશ્વકપમાં પાકિસ્તાન સામે ક્યારેય ન હારવાનો રેકોર્ડ દુબઈમાં તૂટી ગયો હતો. આ મેચમાં વરસાદની આશંકા છે, પરંતુ અહીંના હવામાન જાણકારો અનુસાર સંપૂર્ણ મેચ રદ થવાની સંભાવના ઓછી છે. બંને દેશોના હજારો ક્રિકેટપ્રેમીઓ આ મેચ જોવા માટે અહીં ભેગા થયા છે. મેચની તમામ ટિકિટ વેચાઈ ગઈ છે. રોહિત શર્મા અને બાબર આઝમની ટીમો માટે આ એક મેચ છે, પરંતુ બંને દેશોના લાખો ક્રિકેટપ્રેમીઓ માટે 'બસ આજ' મેચ છે.

મહેન્દ્ર સિંહ ધોનીની આગેવાનીમાં ભારતીય ટીમ આઈસીસી ટૂર્નામેન્ટોમાં પાકિસ્તાન સામે ક્યારેય હારી નથી અને ધોની વારંવાર કહેતો હતો કે ક્રિકેટના મેદાનમાં બદલો લેવો જવો કોઈ શબ્દ હોતો નથી, પરંતુ છેલ્લા એક વર્ષમાં ઘણા ફેરફાર થયા છે. શાહીન શાહ આફ્રિદીની ખતરનાક બોલિંગની મદદથી ભારતે પ્રથમવાર વિશ્વકપની કોઈ મેચમાં ભારતને હરાવ્યું હતું. આફ્રિદીએ ૩૧ રન આપીને ત્રણ વિકેટ ઝડપી અને બાબર-રિઝવાનની જોડીએ પાકિસ્તાનને ૧૦ વિકેટે જીત અપાવી હતી.

રોહિત, વિરાટ કોહલી અને કેએલ રાહુલ દુબઈમાં પાછલા વર્ષે મળેલા પરાજયને ભૂલ્યા હશે નહીં. તેના પર એશિયા કપ રમવા પાકિસ્તાન ન જવાના બીસીસીઆઈના નિવેદન અને આગામી વર્ષે ભારતમાં રમાનાર વનડે વિશ્વકપમાંથી હટવાની પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની ધમકીએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે. ભારતીય ટીમ માટે ચિંતાનો વિષય ટીમ સંયોજન છે. છેલ્લા કેટલાક સમયથી ભારતને સ્થિર ટીમ સંયોજન મળી શક્યું નથી. ભારતે એક વધારાનો બોલર ઉતારવા માટે નિષ્ણાંત વિકેટકીપર પંતને બહાર બેસાડવો પડે છે.

બેટિંગ ક્રમને આફ્રિદી સિવાય નસીમ શાહ અને હારિસ રઉફનો સામનો કરવાનો છે. ભારતના ટોપના ત્રણ બેટર આફ્રિદીને પાવરપ્લેમાં કઈ રીતે રમે છે, તેનાથી મેચની દશા અને દિશા નક્કી થશે. તેવામાં ટી૨૦ ફોર્મેટમાં ભારતના નંબર એક બેટર સૂર્યકુમાર યાદવ પર નિર્ભર રહેશે કે તે પરિસ્થિતિ પ્રમાણે કેવી રીતે બેટિંગ કરે છે.

વરસાદ થવા પર રોહિત ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કરશે. ભારતની પાસે ત્રણ નિષ્ણાંત સ્પિનર છે, પરંતુ હવામાન પ્રમાણે ટીમની પસંદગી કરવામાં આવશે. વરસાદ થવા પર હર્ષલ પટેલને તક મળી શકે છે, જે અંતમાં બેટિંગ પણ કરી શકે છે. પાકિસ્તાનની પાસે ત્રણ આક્રમક શાન મસૂદ, મોહમ્મદ નવાઝ અને ખુશદિલ શાહ છે જેથી આર અશ્વિનની રમવાની સંભાવનાનો ઇનકાર ન કરી શકાય.

બરાબરીના આ મુકાબલામાં પાકિસ્તાનનું પલડું ભારે લાગી રહ્યું છે તો તેનું કારણ શાહીન આફ્રિદી છે. એમસીજી પર ૩૭ વર્ષ બાદ ભારત અ[illegible]તાનનો મુકાબલો થઈ રહ્યો છે. છેલ્લે બંને ટીમ ૧૯૮૫માં બેંસન એન્ડ હેઝેસ વિશ્વ ચેમ્પિયનશિપમાં રમી હતી. તે સુનીલ ગાવસ્કરની ભારતીય કેપ્ટન તરીકે છેલ્લી મેચ હતી અને રવિ શાસ્ત્રીએ પોતાના શાનદાર પ્રદર્શનથી ઓડી કાર જીતી હતી.

આ મેચ દ્વારા બંને ટીમો તેમના ટી ૨૦ વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરી રહી છે અને આ પહેલા બંને ટીમ ટી ૨૦ વર્લ્ડ કપમાં ૬ વખત આમને સામને આવી ચુકી છે. આ ૬ મેચોમાંથી ટીમ ઈન્ડિયા એ ૫ મેચ જીતીને પાકિસ્તાન સામે દમદાર રેકોર્ડ ધરાવે છે. જેની સામે પાકિસ્તાનની ટીમ માત્ર ૧ મેચ જીતવામાં સફળ રહી હતી. જે વિજય ગત સિઝનમાં મેળવ્યો હતો.

ભારતીય ટીમઃ રોહિત શર્મા (કેપ્ટન), કેએલ રાહુલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, દિનેશ કાર્તિક, રિષભ પંત, યુઝવેન્દ્ર ચહલ, અક્ષર પટેલ, આર અશ્વિન, મોહમ્મદ શમી, ભુવનેશ્વર કુમાર, અર્શદીપ સિંહ, હર્ષલ પટેલ, દીપક હુડ્ડા.

પાકિસ્તાનની ટીમઃ બાબર આઝમ (કેપ્ટન), મોહમ્મદ રિઝવાન, ફખર ઝમાન, શાન મસૂદ, મોહમ્મદ નવાઝ, ખુશદિલ શાહ, આસિફ અલી, હૈદર અલી, ઈફ્તિખાર અહમદ, હારિસ રઉફ, નસીમ શાહ, શાહીન આફ્રિદી, મોહમ્મદ વસીમ, શાદાબ ખાન, મોહમ્મદ હસનૈન.

રાજ ઠાકરેએ પાડોશીઓને સાર્વજનિક પત્ર

શિવાજી પાર્ક અને દાદર વિસ્તારને લાઈટિંગ અને દીવડાઓથી પ્રકાશિત કરી દિવાળી ઉજવાય

રાજ ઠાકરેએ લોકોના દીપોત્સવ પર્વ પર પરિવાર અને મિત્રોને લાવવાનું આમંત્રણ આપ્યું

મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ શિવાજી પાર્ક અને દાદર વિસ્તારમાં રહેતા પોતાના પાડોશીઓને એક જાહેર પત્ર લખ્યો છે. તેમણે આ પત્રના માધ્યમથી પાડોશીઓને અપીલ કરી છે કે, તે શિવાજી પાર્ક અને દાદર વિસ્તારને લાઈટિંગ અને દીવડાઓથી પ્રકાશિત કરવામાં સહભાગી થાય અને ધૂમધામથી દિવાળીની ઉજવણી કરે.

રાજ ઠાકરેએ પોતાના પત્રમાં લખ્યું કે, 'મારા શિવાજી પાર્કના પાડોશી, તમામ દાદરકર અને મુંબઈકર, ચારેય બાજુ દિવાળીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગત કેટલાક વર્ષોમાં કોરોના વાયરસના કારણે દિવાળી થોડી ફીકી રહી, પણ આ સમયે દિવાળીના અવસરે ફરીથી ઉત્સાહ અને ખુશીનો માહોલ છે. દિવાળી અને શિવતીર્થ ક્ષેત્રનો પ્રકાશ એટલે 'દીપોત્સવ' ગત ૧૦ વર્ષથી સંબંધ બની ગયો છે. દરેક વર્ષે શિવતીર્થ, તેના રસ્તાઓ અને વૃક્ષોને લાઈટીંગથી શણગારવામાં આવે છે. કોરોનાના બે વર્ષમાં પણ અમે આ પરંપરાને તૂટવા દીધી નથી. આ વર્ષે પણ અમે આ જ પ્રકાશની સાથે દિવાળીની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. હું આ પત્ર તે દીપોત્સવમાં આમંત્રિત કરવા માટે લખી રહ્યો છું.'

રાજ ઠાકરેએ પત્રમાં આગળ લખ્યું કે, 'દિવાળીના અવસરે આપણે પોતાના ઘર, પોતાના યાર્ડ અને આપણી આજુબાજુના પરિસરને લાઈટીંગથી શણગારીએ છીએ. હું દાદરના શિવતીર્થના આ ક્ષેત્રને પોતાના ઘરનું આંગણું માનું છું.

એટલે જ તમારા સહયોગ અને ભાગીદારીથી આપણે આ આંગણને વિભિન્ન રંગોથી અને અન્ય અલંકારોથી સજાવીશું. મને લાગે છે કે, જો દરેક વ્યક્તિ પોતાના ઘર અને પોતાના યાર્ડ અને પોતાના વિસ્તારને આવી રીતે સુંદર બનાવી રાખશે, તો મહારાષ્ટ્રથી દુનિયાને ઈર્ષ્યા થશે. આવું કરવા પાછળ મારી આ જ ભાવના છે.'

રાજ ઠાકરેએ પત્રના અંતિમ ભાગમાં લખ્યું કે, '૨૧ ઓક્ટોબર ૨૦૨૨ થી તુલસી લગ્નનો દિવસ ૮ નવેમ્બર ૨૦૨૨ સુધી દીપોત્સવના આ પર્વની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે બારસ એટલે કે, ૨૧ ઓક્ટોબરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે અને ઉપ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં દીપોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

તમે જરૂર આવજો, તમારા પૂરા પરિવારને લઈને આવો અને તમારા મિત્રોને જણાવો. આપણે એકલા ખુશીઓની ઉજવણી નથી કરતા, જેટલા વધુ લોકો અને મિત્રો આમાં ભાગ લેશે, સમારોહની ખુશી તેટલી જ વધી જાય છે.'

સૈન્યના અનેક વિમાન-હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયાં ૫૦ જાંબાજોએ જીવ ગુમાવ્યો છે

નવીદિલ્હી તા.૨૨

ગઈકાલે અરુણાચલ પ્રદેશના ઉપરી સિવિંગ જિલ્લામાં સેનાનું હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું, જેમાં ચાર જેટલા સૈનિકોના મોત થયા હતા, જયારે એક સૈનિક લાપતા થયો હતો, આ પહેલા તાજેતરમાં જ કેદારનાથમાં એક હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં ૭ લોકોના મોત નિપજયા હતા. છેલ્લા ૫ વર્ષમાં સૈન્યના અનેક વિમાન- હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયા છે.

૫ વર્ષમાં આપણે ૫૦ જેટલા બહાદુર સૈનિકો ગુમાવી દીધા છે. આખરે સૈન્ય ઉડાનોના કેશ થવાનું કારણ શું છે? આ મામલે એક સૈન્ય અધિકારીએ જણાવ્યું હતું કે ખરાબ હવામાન ઘણીવાર ઉડાનની દુર્ઘટના માટે જવાબદાર બનતું હોય છે. સેના પાસે આધુનિક વિમાનની કમી છે. સરકાર પાસે મોડર્ન ચોપર્સની કમી છે. આ મહિને અરુણાચલમાં સેનાનું હેલીકોપ્ટર ક્રેશ થવાની આ બીજી ઘટના છે એ પહેલા પાંચમી ઓક્ટોબરે તવાંગ જિલ્લામાં ચીતા હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું,

જેમાં ૨ પાયલોટોમાંથી એકનું મોત થયું હતું, જયારે માર્ચમાં જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પાસે એક ચીતા હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ ઘટનામાં પાયલોટનું મોત નિપજયું હતું. ૫ વર્ષમાં ૨૦ ચોપર થયા ક્રેશઃ વર્ષ ૨૦૧૭થી જોવામાં આવે તો સશસ્ત્ર દળોના ૨૦ ચોપર ક્રેશ થયા છે, જે સેનાના ૪૦ અધિકારીઓના મોત થયા છે. ૨૫થી વધારે ઘાયલ થયા છે. આ વર્ષે માર્ચમાં જ સેનાના ત્રણ સિંગલ એન્જીન ચીતા હેલિકોપ્ટર ક્રેશ થયા હતા. આ હેલિકોપ્ટરને ૧૯૬૦ના દાયકામાં તૈયાર કરાયા હતા, જેમાં આધુનિક સુરક્ષાના ધોરણોની કમી છે.

નવા એએલએચ અને રશિયન મૂળના એમઆઈ-૧૭ વી-૫ હેલિકોપ્ટર પણ છેલ્લા કેટલાક વર્ષોમાં અકસ્માતોના શિકાર બન્યા છે. ગત વર્ષે ડિસેમ્બરમાં થયેલ એમઆઈ-૧૭ હેલિકોપ્ટર ક્રેશમાં દેશના પ્રથમ સીડીએસ જનરલ બીપીન રાવત, તેમની પત્ની અને અન્ય ૧૨ લોકોના જીવ ગયા હતા. ૨૦૧૭ થી અત્યાર સુધીમાં ૭ એએલએચ હેલિકોપ્ટર ક્રેશ થયા છે. અગાઉ વર્ષ ૨૦૧૩માં રાહત બચાવ કાર્યમાં લાગેલ સેનાનું એમઆઈ-૧૭ હેલિકોપ્ટર જંગલની પહાડી પર ટકરાવાથી દુર્ઘટનાગ્રસ્ત થયું હતું જેમાં ૨૦ અધિકારી અને જવાન શહીદ થયા હતા. કેટલાય દિવસની ખોજ બાદ શબ મળ્યા હતા.

રાજસ્થાનમાં ૨૫૦ દલિત પરિવારોએ હિન્દુ ધર્મ છોડ્યોઃમૂર્તિઓને નદીમાં વિસર્જન કરી

જયપુર,તા.૨૨

રાજસ્થાનના બારાં જિલ્લામાં સવર્ણ સમાજના લોકો દ્વારા કરવામાં આવેલી મારપીટથી પીડિત ૨૫૦ દલિત પરિવારોએ હિન્દુ ધર્મ છોડીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો છે. આ લોકોએ પોતાના ઘરેથી દેવી-દેવતાઓની મૂર્તિઓ અને ફોટાઓનું બેથલી નદીમાં વિસર્જન કર્યું હતું.

આ પરિવારોએ રાજ્ય સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને આરોપ લગાવ્યા હતા કે ૧૫ દિવસ પહેલા માતા દુર્ગાની આરતી કરવા પર સવર્ણોએ દલિત સમાજના લોકોએ મારપીટ કરી હતી. પીડિત સમાજે રાષ્ટ્રપતિથી લઈને જિલ્લા તંત્ર સુધી ન્યાય માટેની માંગ કરી હતી, પણ મારપીટ કરનારા આરોપીઓની સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. આ સમગ્ર મામલો છબડા ક્ષેત્રના ભુલોન ગામનો છે.

જિલ્લા બૈરવા મહાસભા યુવા મોરચાના પ્રમુખ બાલમુકંદ બૈરવાએ જણાવ્યું કે, ભુલોન ગામમાં ૫ ઓક્ટોબરે દલિત સમાજના યુવાનો રાજેન્દ્ર અને રામહેત એરવાલે મા દુર્ગાની આરતીનું આયોજન કર્યું હતું. આ યુવકો પર રાહુલ શર્મા અને લાલચંદ લોઢા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

આ લોકોનો આરોપ છે કે તેઓએ પોલીસ પ્રશાસન, મુખ્યમંત્રી, વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને ન્યાય માટે અપીલ કરી હતી, પરંતુ ક્યાંયથી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

જયારે આવું થયું ત્યારે સમાજના લોકોએ સામૂહિક રીતે ધર્મ પરિવર્તનકરવાનો નિર્ણય લીધો હતો. શુક્રવારે ગામમાં આક્રોશ રેલી કાઢવામાં આવી હતી.

આ પછી દેવતાઓની મૂર્તિઓ અને તસવીરોનું નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

બાલમુકંદ બૈરવાએ ચેતવણી આપી હતી કે જો મુખ્ય આરોપીની જલ્દી ધરપકડ કરવામાં નહીં આવે તો છબડા એસડીએમ ઓફિસ પર દેખાવો કરવામાં આવશે.

તેમણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાના અને દલિતો સામે અત્યાચારના મામલાઓમાં વધારો કરવાનો આરોપ લગાવ્યા હતા. આ દરમિયાન રમેશ મરાઠા, બદ્રીલાલ બૈરવા (છીપાબડોદ), છીતરલાલ બૈરવા, પવન, રામહેત બૈરવા, મહેન્દ્ર મીણા (તુર્કીપાડા) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડીએસપી પૂજા નાગરે જણાવ્યું કે પીડિતે પોલીસમાં એફઆઈઆર નોંધાવી છે, પરંતુ તેમાં સરપંચ પ્રતિનિધિનું નામ લખવામાં આવ્યું નથી.

આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાશે પવનઃ 'સિતરંગ' વાવાઝોડાએ ટેન્શન વધાર્યું, ભારે વરસાદની આગાહી

નવીદિલ્હી,તા.૨૨

ઉત્તર આંદામાન સમુદ્ર અને તેને અડીને આવેલા દક્ષિણ આંદામાન સમુદ્ર અને દક્ષિણપૂર્વ બંગાળની ખાડી ઉપર નીચા દબાણનો વિસ્તાર બન્યો છે. હવામાન વિભાગે એલર્ટ જાહેર કરતી વખતે કહ્યું કે, આ દબાણ ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા છે. તે ૨૫ ઓક્ટોબરે પશ્ચિમ બંગાળ-બાંગ્લાદેશના દરિયાકાંઠે પહોંચે તેવી શક્યતા છે. આ ચક્રવાતને સિતરંગ નામ આપવામાં આવ્યું છે.હવામાન વિભાગે જણાવ્યું કે, તોફાનના કારણે ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. પશ્ચિમ બંગાળમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જોકે કોલકાતા હવામાન કેન્દ્રના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ સંજીવ બંદોપાધ્યાયે જણાવ્યું હતું કે, તે તીવ્ર ચક્રવાત નહીં હોય. આ સાથે ૨૬ ઓક્ટોબરે વિવિધ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.હવામાન વિભાગે જણાવ્યું હતું કે, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં સમાન વરસાદની અપેક્ષા છે. આ દબાણ ૨૨ ઓક્ટોબરની આસપાસ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધે તેવી શક્યતા છે. તે ૨૩ ઓક્ટોબરે બંગાળની ખાડી પર પહોંચી શકે છે. તે ધીરે-ધીરે ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની ધારણા છે.બંગાળ સરકારે કેટલાક જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારોમાં લોકોને સ્થળાંતર કરવાનું શરૂ કર્યું છે. ત્યારે ઓડિશાએ તેના ઘણા દરિયાકાંઠાના જિલ્લાઓમાં સતર્કતા વધારી છે. પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ બંને રાજ્યોમાં સોમવારે કાલી પૂજા અને મંગળવારે દિવાળી ઉજવવામાં આવશે. આવી સ્થિતિમાં અહીંના લોકો માટે પહેલાથી જ ચેતવણી જાહેર કરવામાં આવી છે.

ભાવનગરથી અમદાવાદ અને હરિદ્વારને જોડતી એક્સપ્રેસ ટ્રેનનું સાંસદ ભારતી બેન શિયાળે પ્રસ્થાન કરાવ્યું

ભાવનગર,તા.૨૨

ભાવનગરવાસીઓ છેલ્લા કેટલાય સમયથી ટ્રેનના લોકાર્પણ ની રાહ જોઈ રહ્યા તે આતુરતાનો અંત આવ્યો હતો. ભાવનગરવાસીઓને અમદાવાદ સાથે જોડતી ટ્રેન સેવાની આજથી ભેટ મળી છે અને ભાવનગર અમદાવાદને જોડતી સાબરમતી એક્સપ્રેસ ઈન્ટરસિટી સાંસદ ભારતીબેન શિયાળે લોકાર્પણ કર્યું હતું. સાંસદ ભારતીબેન શિયાળે સાબરતમી ઈન્ટરસિટી ટ્રેનને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. સાથે જ હવે ભાવનગર વાસીઓને હરિદ્વાર જવા માટે પણ ટ્રેનની સુવિધા મળી રહેશે. આ લોકાર્પણ સમયે ભાવનગરના સાંસદ ભારતીબેન શિયાળ સહિત ગુજરાતના કેબિનેટ મંત્રી જિતુ વાઘાણી, (તૈં દૃક્ષ્મરક્કહૈ) ધારાસભ્ય વિભાવરીદવે અને મેયર કીર્તિ દાણીધારિયા ઉપસ્થિત રહ્યા હતા.

રેલવે બોર્ડના આદેશ મુજબ ૨૨ ઓક્ટોબર, ૨૦૨૨થી ભાવનગર-સાબરમતી વચ્ચે દરરોજ એક સુપરફાસ્ટ ઈન્ટરસિટી ટ્રેન દોડાવવામાં આવશે. રેલ્વે મંત્રાલયે ટ્રેન નંબર ૨૦૯૬૬/૨૦૯૬૫ ભાવનગર-સાબરમતી-ભાવનગર ડેઈલી સુપરફાસ્ટ ઈન્ટરસિટીને સાબરમતી સ્ટેશન પર ટ્રેન નંબર ૧૯૦૩૧/૧૯૦૩૨ અમદાવાદ-હરિદ્વાર-યોગનગરી ઋષિકેશ-અમદાવાદ (દૈનિક ટ્રેન) સાથે જોડવાનો નિર્ણય લીધો છે. ટ્રેન નંબર ૦૯૫૩૮/૦૯૫૩૭ ભાવનગર – સાબરમતી – ભાવનગર સુપરફાસ્ટ ઈન્ટરસિટી ૨૨-૧૦-૨૦૨૨ ના રોજ દોડશે. ત્યારબાદ, ૨૩.૧૦.૨૦૨૨ થી, ટ્રેન નંબર ૨૦૯૬૬/૨૦૯૬૫ ભાવનગર-સાબરમતી-ભાવનગર દૈનિક સુપરફાસ્ટ ઈન્ટરસિટી તેના નિર્ધારિત સમયે દરરોજ દોડશે.

ટ્રેન નંબર ૨૦૯૬૬ ભાવનગર – સાબરમતી સુપરફાસ્ટ ઈન્ટરસિટી ૨૩મી ઓક્ટોબર, ૨૦૨૨ (રવિવાર) થી દરરોજ સવારે ૦૬.૦૦ વાગ્યે ભાવનગર ટર્મિનસથી ઉપડશે અને તે જ દિવસે સવારે ૧૦.૩૦ વાગ્યે સાબરમતી સ્ટેશન પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૨૦૯૬૫ સાબરમતી – ભાવનગર સુપરફાસ્ટ ઈન્ટરસિટી ૨૩મી ઓક્ટોબર, ૨૦૨૨થી દરરોજ ૧૬.૦૦ કલાકે સાબરમતી સ્ટેશનથી ઉપડશે અને તે જ દિવસે ૨૦.૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આમ વર્ષો બાદ ભાવનગરથી અમદાવાદની વાયા બોટાદ-ધોલેરા-અમદાવાદ ઈન્ટરીસીટી ટ્રેનની સુવિધા મળતા ભાવનગર વાસીઓ ખુશ થઈ ગયા હતા દિવાળીના તહેવાર અગાઉ જ આ સુવિધા મળી હતી

સરકાર વિરોધી મંતવ્ય રાખો છો તો છીંક ખાશો તો પણ પાસા કરી દેવામાં આવે તેવી સ્થિતિ ગુજરાતમાં : કોંગ્રેસના સાંસદ

સુરત,તા.૨૨

આગામી વિધાનસભાને ધ્યાનમાં રાખીને કોંગ્રેસના નેતાઓ હવે દિલ્હીથી સુરત આવી રહ્યા છે. તાજેતરમાં જ સંદીપ દીક્ષિત સુરતના પ્રવાસ કરી ગયા બાદ આજે રાજ્યસભાના સાંસદ અભિષેક સિંઘવી સુરતમાં પત્રકાર પરિષદને સંબોધી હતી. જેમાં તેમણે મોદી સરકાર અને ગુજરાતની સ્થિતિ અંગે ભારતીય જનતા પાર્ટી પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. કહ્યું હતું કે, સરકાર વિરોધી મંતવ્ય રાખો છો તો છીંક ખાશો તો પણ પાસા કરી દેવામાં આવે તેવી સ્થિતિ ગુજરાતમાં છે.યુપીએ સરકારના ૭થી ૮ વર્ષમાં ૮.૪ જેટલો વિકાસ થયો છે. મોદી સરકારમાં ૪.૮ થયો છે. ગરીબી નાબૂદ કરવી અથવા તો ઓછી કરવી એ સૌથી મોટો મુદ્દો હોય છે. ૨૦૧૧માં ગરીબી રેખા નીચે ૨૧.૦૯ યુપીએ સરકારમાં ૧૫ કરોડ લોકોને ગરીબી રેખામાંથી ઉપર લાવવામાં આવ્યા હતા. ફૂડ ઈન્ફ્લેશનમાં ગુજરાત નંબર વન પર પહોંચ્યું છે જે દુઃખદ બાબત કહેવાય. સેન્ટર ઓફ ઈન્ડિયન ઈકોનોમિક્સ ૧૨% વધીને ૧૮.૫% બેરોજગારી વધારો થયો છે. ૬૦ હજાર MSME સેક્ટર બંધ થયા છે. ગર્ભવતી મહિલાઓ અને બાળકોના કુપોષણમાં પણ ગુજરાત ખૂબ જ પાછળ જઈ રહ્યું છે. ગુજરાતમાં સાડા ત્રણ લાખનું દેવું છે.

તંત્રી લેખ

આતંકવાદ સામેની લડાઇને વૈશ્વિક પ્રાથમિકતા હોવી જોઇએ

વૈશ્વિક સ્તરે વધતા જતા આતંકવાદી હૂમલા સામે સંયુકત રાષ્ટ્ર દ્વારા પણ આતંકવાદ સામે લડવા માટે દેશોને તૈયાર કરવા, સહયોગ આપવા અને તેમનું માર્ગદર્શન કરવા માટેનું બહુઆયામી આયોજન હાથ ધર્યુ છે. સંયુકત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસે મુંબઈની તાજેતરની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે, આતંકવાદ કયારેય સાચો ન હોઇ શકે, તે એક બુરાઈ છે અને તેને વર્તમાન દુનિયામાં કોઈ સ્થાન નથી. આતંકવાદ સામેની લડાઈ વૈશ્વિક પ્રાથમિકતા હોવી જોઈએ.

મુંબઈની હોટલ તાજમાં ૨૬/૧૧ના આંતકી હૂમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેઓએ મુંબઈ હૂમલાને આંતકવાદનું સૌથી બર્બર કૃત્ય ગૈકીનું એક ગણાવ્યું હતું. જયારે હૂમલાના શિકાર ૧૬૬ પીડિતોને આજના હિરો તરીકે સન્માન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંયુકત રાષ્ટ્ર મહાસચિવ બન્યા બાદ ગુટેરસ સૌથી મહત્વનું કામ આતંકવાદ વિરોધી કાર્યાલયના ગઠનનું કર્યુ હતું. તેમનો ઉદ્દેશ આતંકવાદ સામે લડવા માટે દેશોને તૈયાર કરવા, સહયોગ આપવો અને માર્ગદર્શન આપવાનો છે. આ કાર્યાલય હિંસક ઉગ્રવાદની જડોની વિરુદ્ધમાં લડી રહ્યું છે.

ભારત સહિત દુનિયાના અન્ય દેશોમાં લૈંગિક સમાનતા માટે હજુ ઘણી કામગીરી બાકી હોવાનો નિર્દેશ કરતા ગુટેરસે જણાવ્યું હતું કે, કોઈપણ સમાજ ત્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત કરી શકતો નથી જયાં સુધી ત્યાંની મહિલાઓ, પુરૂષો, કિશોરીઓ અને બાળકો માટે સમાન અધિકાર અને સ્વતંત્રતા ન હોય. જો કે સંયુકત રાષ્ટ્રના મહાસચિવપદે મહિલા હોવા જોઈએનું કાર્ય તેઓ કરવા ઈચ્છતા હોવા છતાંયે ન કરી શકયાનો સ્વીકાર કર્યો હતો.

જો કે માનવાધિકારના સન્માન માટે મજબૂત પ્રતિબદ્ધતાથી ભારતનો અવાજ વૈશ્વિક મંચ પર વિશ્વસનીયતા હાંસલ કરી શકે છે તેમ જણાવતા ગુટેરસે કહયું હતું કે, માનવાધિકાર પરિષદના સભ્ય હોવાના નાતે ભારતની જવાબદારી વૈશ્વિક માનવાધિકારને આકાર આપવાની વધી છે. જેમાં અલ્પસંખ્યક સમુદાય સહિત તમામ વ્યકિતઓના અધિકારોની રક્ષા કરવા અને તેમને પ્રોત્સાહન આપવાની બાબતનો પણ સમાવેશ થાય છે.

આન્યા મૃણાલ- પ્રકરણ ૧૩/ વિજય શાહ

'મૃણાલ'

આ નામથી એડ કેમ્પેઇન ચાલુ થવા માંડ્યું ત્યારે માધવીબહેન માનતાં હતાં તેમ મૃણાલ પ્રસિદ્ધિની સીડી સડસડાટ ચઢવા માંડી. તેનાં સ્કેચ અને ફોટાની માંગ વધવા માંડી.

એક દિવસ જ્યારે મા અને દીકરો એકલાં હતાં ત્યારે કૈરવને માધવીબહેને કહ્યું " આ 'અભિમાન' ફિલ્મની કથા તમારા જીવનમાં ચાલુ થઈ ગઈ હોય તેવું મને કેમ લાગે છે?"

કૈરવ કહે " મોમ! તમે કૈરવને ઓળખતા નથી.. જે હાથે તે ચઢાવી શકે છે તે હાથે તે ઊતારી પણ શકે છે."

"એનાં કાના અને યશોદાનાં ચિત્રો જોયાં?"

"હા મોમ, સરસ પેન્ટિંગ છે."

પણ જે જોવું જોઈએ તે તું નથી જોતો.."

"શું મોમ?"

"કાનો કૈરવ જેવો નથી દેખાતો."

"મોમ ..તો યશોદા પણ ક્યાં મૃણાલ જેવી છે?"

"તને સમજ નથી બેટા, પ્રસુતા જેનાં ચિત્રો નજર સામે રાખે બાળક એનાં જેવું થાય.."

"મોમ! હવે એ વીસમી સદીની વાતો રહેવા દો... અને મને ખબર છે મૃણાલને બેબી છે."

"આશા રાખુ તારા જેવી હોય."

"એટલે? મને તો મારી દીકરી મૃણાલ જેવી જ જોઈએ છે.. ઘાટીલી અને મીઠડી.."

"મીઠડી .. માય ફૂટ.. તે તો મૂંગી, મૂંઝાયેલી અને મૂરઝાયેલી હોય છે. સહેજ પણ ચહલપહલ કે ચેતન વગરની."

"હા મોમ, એને તો કૈરવ જેવી જ બનાવજો હં કે" .મૃણાલ ત્યાં આવી ને ટહુકી...

"હા.. હા..બરોબર એવી જ..કૈરવ અને મમ્મી બંને સાથે બોલ્યા.

મૃણાલે બરોબર જ સાંભળ્યુ હતું તે તો મૂંગી, મૂંઝાયેલી અને મૂરઝાયેલી છે. પણ હવે મારી દીકરી આવે છે ને મારી મૂંઝવણો દૂર કરવા..તેણે ઊંડો શ્વાસ લઈને પોતાની જાતને આશ્વાસન આપતાં વિચાર્યુ.

"કૈરવ, હવે તો પેટમાં બેનબા ગરબા ગાય છે. જો હાથ મૂક એટલે તેની લાતો અનુભવાશે."

કૈરવને આ બચપણ ના ગમ્યું પણ મમ્મી એ ઊઠીને તેના પેટ ઉપર હાથ મૂક્યો એટલે કૈરવે મમ્મીને પુછ્યુ.. "શું થાય છે મમ્મી?"

"હા જો તો ખરી કેવી ઉછળકૂદ કરે છે!" અને બધા આનંદમાં મલકી ઉઠ્યા.

મૃણાલ હવે થોડી અધીરી થવા માંડી હતી. એને આ નવા પ્રોજેક્ટને લઈને જેટલો ઉત્સાહ હતો એનાં કરતાં અધિક ઉમળકો આવનાર બાળક માટે હતો.

"કૈરવ મારા આ કાના અને યશોદાનાં ચિત્રો મારે જલ્દી પતાવવા છે પછી તો સમય મળવાનો જ નથી."

"એટલે " માધવી બહેને વાતને વધુ સ્પષ્ટ કરવા પૂછ્યું, " પછી સ્ટુડિઓ બંધ?"

"હા મોમ, પછી આ બધું બંધ.. હું અને આપણી ઢીંગલી અને આપણે બધા...મઝા જ મઝા"

"કાન હસતો યશોદાને દ્વાર"ની મૅન્યુસ્ક્રિપ્ટ અને ચિત્રોની સીડી જ્યારે પ્રભુ આશરે જોઈ ત્યારે આનંદી ઊઠયા. "મૃણાલબહેન, અત્યારથી જ કહી દઉં છું કે તમારું આ પુસ્તક પણ "કંપન" ની જેમ એકદમ સફળ થશે જ..દરેક ચિત્રની સમજણપૂર્વક છણાવટ અને કાનને લખાયેલાં હાલરડાં તો એકદમ હૃદયસ્પર્શી છે.

પૂરા દિવસે આન્યા જન્મી..એક સાથે છ જણાને નવી પદવી મળી.. બધાનાં આશીર્વચનો લેતી અને બધાને હસાવતી આન્યાએ જ્યારે ભેંકડો તાણ્યો ત્યારે સૌ હસ્યા..

આન્યાનું બચપણ પોતાની ગતિએ જતુ હતુ અને મૃણાલનું માતૃત્વ નિખરતુ હતુ...સ્ટુડિયોમાં પીંછી અને કેન્વાસ લાંબી નિંદ્રા ખેંચી રહ્યા હતા પણ અજયભાઈનો સાડી પ્રોજેક્ટ "મૃણાલ" નિષ્ફળતા તરફ વહેતો હતો તેથી કૈરવ તણાવયુક્ત હતો..તે સમજી ગયો હતો કે જે ચાલ્યુ હતું તે મૃણાલની કલમને લીધે હતું નહીં કે કૈરવની માર્કેટિંગ ક્ષમતાને લીધે. વળી બાકી હોય તેમ " કાન હસતો યશોદાને દ્વાર" પુસ્તકે છ જ મહિનામાં ત્રીજા પુનઃમુદ્રણનો ડંકો વગાડ્યો બે લાખ રૂપિયાનાં ચેક સાથે.

માધવીબહેનની વાત હવે કૈરવને સાચી લાગતી હતી....પુરુષ ઈગો છંછેડાતો હતો.

તેની ક્યારેય નોંધ લેવાતી નહીં નોંધ તો હંમેશા મૃણાલની લેવાતી.. તેના ચિત્રોની લેવાતી અને તેની કલમની લેવાતી. આ વાહ વાહ તેને હવે પોતાની દુશ્મન લાગતી.

કોઈપણ જાહેર સમારંભમાં જાય તો ત્યાં કૈરવ કરતા મૃણાલને વધુ સન્માન મળે એ કૈરવથી સહન ન થતા એનો ઈગો કરંડીયામાં પૂરેલા નાગની જેમ છંછેડાયો હતો. એના સીધા ફૂંફાડા અને ગરમીથી બંને વચ્ચેની રહી સહી નિકટતા ઓગળતી જતી હતી.

મૃણાલે કહેલ વાક્યો હજી તેને ડંખતા હતા.. "તું પુરુષ છે. મને તારા હાસ્યમાં કે તારા વહાલમાં કોણ જાણે કેમ એક અજાણ્યો મનુષ્ય જ દેખાયા કરે છે. મને કેમ તારા ઉપર હજી ભરોસો નથી બેસતો. તારા મનમાં હું તને જોઈતી રાજકુમારી દેખાઈ ગઈ અને તેં મને હાંસલ કરી..પણ મારા મનને ગમતા રાજકુમાર અને તારા એક ચહેરા કેમ નથી થતા?"

આમ તો એ ત્રણ વર્ષ જૂની વાત હતી છતાં તેનો ઈગો આજે પણ અમળાતો હતો..એને વારંવાર થતું કે મેં ખોટી ગરજ બતાવી.. હવે જાણે તે મારા ઉપર ઉપકાર કરતી હોય તેમ વર્તે છે.

આમેય જ્યારે એને જે સત્ય સામે દેખાયું કે સામેનું પાત્ર તેના કરતા ઘણું ઊંચુ છે ત્યારે તો નાની નાની વાતે એની અકળામણ છતી થવા માંડી હતી..

મૃણાલની વધતી જતી પ્રતિષ્ઠાથી કોઈપણ જાતના કારણ વગર કૈરવ હંમેશા છંછેડાયેલો રહેતો અને વિના વાંકે મૃણાલ હિજરાતી જતી હતી.

આલેખનઃવિજય શાહ

http://www.rajul54.wordpress.com

પ્રયાગરાજમાં આરએસએસની અખિલ ભારતીય કાર્યકારી મંડળ બેઠક સંપન્ન

સમગ્ર ભારતમાંથી પ્રાંત સંઘચાલક, પ્રાંત કાર્યવાહ તેમજ પ્રાંત પ્રચારક સહિત સંઘના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા

અમદાવાદ,તા.૨૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય કાર્યકારી મંડળની બેઠક ૧૬ થી ૧૯ ઓક્ટોબર પ્રયાગ રાજ ખાતે સંપન્ન થઈ છે. દર વર્ષે આ પ્રકારે મળતી કાર્યકારી મંડળની બેઠક યોજાતી હોય છે. જેમાં કેટલાક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. માતૃભાષામાં શિક્ષણ, ગુજરાતમાં સંઘકાર્ય, સ્વાવલંબી ભારત અભિયાન, જન સંખ્યા અસંતુલન જેવા અલગ અલગ મુદ્દાઓ પર બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. સમાજમાં યોગદાન આપનારા જે મહાનુભાવોનું અવસાન થયું હોય તેમને શ્રદ્ધાજલિ આપી બેઠકની શરુઆત કરવામાં આવી હતી.

આ બેઠક અંગે માહિતી આપતા પ્રાંત સંઘચાલક,આરએસએસ ગુજરાતના ડો.ભરતભાઇ પટેલે આજે અહીં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે પ્રયાગરાજમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય કાર્યકારી મંડળની બેઠક યોજાઇ હતી. દર વર્ષે આ પ્રકારે બેઠક મળતી હોય છે. ત્યારે આ વર્ષે મળેલી બેઠકમાં સમગ્ર ભારતમાંથી પ્રાંત સંઘચાલક, પ્રાંત કાર્યવાહ તેમજ પ્રાંત પ્રચારક સહિત સંઘના અખિલ ભારતીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ગુજરાતમાંથી પ્રાંત સંઘ ચાલક ડૉ.ભરતભાઈ પટેલ, પ્રાંત કાર્યવાહ શૈલેષભાઈ પટેલ, પ્રાંતના સહ કાર્યવાહ ડૉ. સુનિલભાઈ બોરીસા, સહ કાર્યવાહ અખિલેશભાઈ પાંડે તેમજ પ્રાંત પ્રચારક ચિંતનભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારની બેઠકમાં પરંપરા પ્રમાણે દેશભરમાં સમાજમાં વિવિધ પ્રકારે યોગદાન આપનારા મહાનુભાવોનું વર્ષ દરમિયાન અવસાન થયું હોય તો એમને શ્રદ્ધાંજલિ પાઠવીને પછી બેઠકનો પ્રારંભ થતો હોય છે. આ વખતે બેઠકમાં ગુજરાતના લલિશ યોગાલય લાઈફ મિશનના પ્રણેતા યોગગુરુ પૂજનીય રાજર્ષિ મુનિને શ્રદ્ધાંજલી પાઠવાઈ હતી. અખિલ ભારતીય કાર્યકારી મંડળની બેઠકમાં આ વર્ષે ગુજરાતમાં થયેલા કાર્યનું વૃત આપવામાં આવ્યું. જેમાં વર્તમાનમાં કુલ ૧૩૩૭ દૈનિક શાખા ચાલે છે. ૯૧૬ સાપ્તાહિક શાખા ચાલે છે. તેમજ માસિક મિલન ૪૨૬ ચાલે છે. એમ કુલ ૧૯૦૮ સ્થાન પર સંઘનું પ્રત્યક્ષ કાર્ય ચાલે છે.

ડો.ભરતભાઇ પટેલે વધુમાં જણાવ્યું હતું કે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી કે દેશની જનસંખ્યા વધી રહી છે દુનિયામાં સૌથી વધારે જન સંખ્યા ધરાવતા દેશોમાં ભારતનું બીજું સ્થાન છે. એટલું જ નહીં વિશ્વમાં વસ્તીની દ્રષ્ટિએ ત્રીજું સ્થાન ધરાવતા દેશ કરતાં પણ આપણે ત્યાં જન સંખ્યા લગભગ બમણીથી પણ વધારે છે. મતાંતરણને કારણે હિન્દુઓની સંખ્યા ઘટી રહી છે. કેટલાક સીમાવર્તી ક્ષેત્રોમાં ઘુષણખોરી પણ થઈ રહી છે. જનસંખ્યા અસંતુલનના કારણે વિશ્વના કેટલાક દેશોમાં વિભાજનની સ્થિતિ આવી છે. ભારતનું વિભાજન પણ જનસંખ્યા અસંતુલનના કારણે થઈ ચૂક્યું છે. એટ્લે સમગ્ર રીતે આનો વિચાર કરીને એક જનસંખ્યા નીતિ બનવી જોઈએ અને એ બધાજ લોકો પર સમાન રીતે લાગુ પડવી જોઈએ.

બેઠકમાં ચર્ચા કરવામાં આવી કે ભાષા એ આપણી સંસ્કૃતિનો વૈભવ છે. દેશમાં અનેક ભાષાઓ અને બોલીઓ બોલાઈ રહી છે જેમાંથી ઘણી ભાષાઓ અને બોલીઓ ક્યાં તો લુપ્ત થઈ ગઈ છે અથવા લુપ્ત થવાના આરે છે. માતૃભાષામાં બાળક જલ્દી શીખે છે એવું જાણકારો કહે છે. એટ્લે આગ્રહ પૂર્વક શિક્ષણ માતૃભાષામાં અપાય એનો આગ્રહ સમાજમાં બને એ જરૂરી છે. સ્વયંસેવકો આ દિશામાં કાર્યરત છે.તેમણે કહ્યું હતું કે ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં આરએસએસ દ્વારા સ્વાવલંબી ભારત અભિયાનનું કામ શરૂ થયું છે. જેમાંથી હિમતનગરમાં રોજગાર સર્જન કેન્દ્ર શરૂ કરાયું છે. યુવા આંતરપ્રિનિયોર જે કાર્ય કરીને સફળતા મેળવી છે એમની સફળતાની ગાથાનો પ્રચાર કરીને અન્ય યુવાઓને પ્રેરણા મળે એ દિશામાં કાર્ય કર્યું છે. લોકમેળાઓ અને અન્ય જગ્યા જ્યાં વધુ લોકો ભેગા થતા હોય ત્યાં ડેમો માટે સ્ટોલ બનાવીને પ્રચારનું કાર્ય પણ શરૂ થયું છે. હમણાં જ ૧૭-૧૮-૧૯ ઑક્ટો. ૨૦૨૨ પિરાણામાં આ પ્રકારે સ્ટોલ ઊભો કર્યો હતો. આગામી વર્ષોમાં ઉત્પાદન ક્ષેત્ર, આયર્ન અને એલોઇઝ ક્ષેત્ર ડેટા સિક્યોરિટી, ફૂડ ઈન્ડસ્ટ્રી તેમજ કપડાં ઉદ્યોગ આટલા ક્ષેત્રોમાં રોજગાર વધે એ પ્રકારે કાર્ય કરવાનું આયોજન છે.

ભારતને ફરી એકવાર વિશ્વગુરુ બનાવવું હશે તો સમાજને ત્રણ વિષયો પર ખાસ તૈયાર કરવો પડશે.

એક પર્યાવરણ – પ્લાસ્ટિક મુક્ત ભારત, પાણીનો યોગ્ય ઉપયોગ અને વન અને વૃક્ષોનું સંરક્ષણ કુટુંબ વ્યવસ્થા – સમાજનું સૌથી નાનું અને સશક્ત એકમ એ કુટુંબ હોય છે. એને સંસ્કારક્ષમ અને દ્રઢ કરવું સમરસતા ભારતના બધા જ લોકો એક જ માતા – ભારત માતાના સંતાન છે, જાતિ, પંથ ભાષા, વેશ તેમજ આર્થિક સ્તર થી ઉપર ઉઠીને બધા સમાન છે એ ભાવ સ્થાપિત કરવો. સ્વયંસેવકોઆ દિશામાં કાર્યરત છે. પૂર્વોત્તર રાજ્યોમાં પણ હવે સ્વાભિમાન જાગૃતિને કારણે ત્યાંના જનજાતિ સમાજના લોકો પણ મોટી સંખ્યામાં સંઘ સાથે જોડાઈ રહ્યા છે.

અંબાજીમાં ભાજપ નેતા અને મંત્રીએ રાહુલ ગાંધીની સરખામણી કમા સાથે કરી

અંબાજી,તા.૨૨

મધ્યપ્રદેશના મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા વિશ્વાસ સારંગનો એક વીડિયો વાઈરલ થયો છે. વીડિયોમાં નેતા કહી રહ્યા છે, ×આ કોણ છે? આ તો 'કમો' છે... તમે જોઈ શકો છો કે કમાએ તેની યાત્રા શરૂ કરી હતી, તેને 'ભારત જોડો' કહી રહ્યા છે. તે ગરીબી હટાવો વિશે વાત કરે છે, પરંતુ પોતે ૪૦ હજાર રૂપિયાની કિંમતનું ટી-શર્ટ પહેરે છે. સારંગ વીડિયોમાં સોનિયા ગાંધીને નિશાન બનાવતાં કહે છે કે કમાની 'મમ્મી' 'મનમોહન સિંહ'ને રિમોટથી કંટ્રોલ કરતી હતી.આ નિવેદન વિશ્વાસ સારંગે અંબાજીમાં પાર્ટીની બેઠક દરમિયાન કર્યું છે.ભાજપનેતા વિશ્વાસ સારંગ ગુજરાતના અંબાજીમાં ભાજપ કાર્યકરોને સંબોધિત કરી રહ્યા હતા. શુક્રવારે ભાજપમંત્રીએ કોંગ્રેસનેતા રાહુલ ગાંધીની તુલના દિવ્યાંગ કલાકાર 'કમા' સાથે કરી હતી. કોંગ્રેસે 'દિવ્યાંગ કલાકાર'ની મજાક ઉડાવવા બદલ ભાજપની ટીકા કરી અને કહ્યું- ભાજપ રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા' અભિયાનથી નારાજ છે.કમો પોતાના અનોખા ડાન્સને કારણે ગુજરાતમાં લોકપ્રિય છે. કમો કદાચ ડાઉન સિન્ડ્રોમ નામની બીમારીથી પીડિત છે. સોશિયલ મીડિયામાં વાઈરલ વીડિયોમાં મંત્રીને રાહુલ ગાંધીની સરખામણી કમા સાથે કરી મજાક ઉડાવતા સાંભળી શકાય છે.

મંત્રીએ કહ્યું-તે ગરીબી હટાઓ વિશે વાત કરે છે, પરંતુ પોતે ૪૦ હજાર રૂપિયાની કિંમતનું ટી-શર્ટ પહેરે છે.

રાજય સરકારે માછીમાર બોટધારકોની કેરોસીન સહાય ડબલ કરવાનો નિર્ણય લીધો

ગાંધીનગર,તા.૨૨

રાજયના નાના માછીમારોના આર્થિક ઉત્થાન માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે જેના ભાગરૂપે નાના માછીમારોને સહાયરૂપ થવા માટે વિવિધ મહત્વના નિર્ણયો કરીને દિવાળીની ભેટ આપી છે જેમાં આઉટ બોર્ડ મશીન બોટધારક માછીમારોને કેરોસીન સહાય યોજના હેઠળ રાજય સરકાર દ્વારા પ્રતિ લીટર રૂ.૨૫/- લેખે પ્રતિ માસ મહત્તમ ૧૫૦ લીટર તથા વાર્ષિક ૧૪૭૨ લીટર કેરોસીનના જથ્થાની મર્યાદામાં કેરોસીન સહાય આપવામાં આવતી હતી.તેમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. તદ્અનુસાર કેરોસીન સહાયની રકમ રૂ.૨૫/- થી વધારી રૂ.૫૦/-કરવામાં આવી છે.તથા વાર્ષિક મળવાપાત્ર કેરોસીનનો મહત્તમ જથ્થો ૧૪૭૨ લીટરથી વધારી ૧૫૦૦ લીટર કરવામાં આવ્યો છે. આ સુધારાથી આશરે ૪૦૦૦ જેટલા નાના-ગરીબ આઉટ બોર્ડ મશીન બોટધારક માછીમારોને માછીમારીના ધંધામાં કેરોસીનના વધતા જતા ભાવો સામે આર્થિક ફાયદો થશે એમ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની યાદીમાં જણાવાયું છે. આઉટ બોર્ડ મશીન જે સામાન્ય રીતે માછીમારો અગાઉ જ્યારે કેરોસીનના ભાવો પેટ્રોલની સરખામણીએ ઓછા હતા ત્યારે પેટ્રોલથી સ્પાર્ક કરી ઇંધણ તરીકે કેરોસીનનો વપરાશ કરીને ચલાવતા હતા.હાલમાં કેરોસીન અને પેટ્રોલના બજાર ભાવમાં ખાસ કોઇ તફાવત રહ્યો નથી. તેવા સંજોગોમાં આવી બોટધારક નાના માછીમારો પૈકી કેટલાક કેરોસીનના બદલે પેટ્રોલના વપરાશથી બોટ ચલાવે છે.જેથી આવા માછીમારોની લાગણી હતી કે ફીશીંગ માટે કેરોસીનના બદલે પેટ્રોલના વપરાશ માટે આઉટ બોર્ડ મશીન બોટધારક માછીમારોને કેરોસીનના સમાન ધોરણે પેટ્રોલ ખરીદી પર સહાય આપવામાં આવે આ સંદર્ભે રાજય સરકાર દ્વારા નાના માછીમારોને ફીશીંગ માટે કેરોસીનના બદલે પેટ્રોલનો વપરાશ કરતા આઉટ બોર્ડ મશીન બોટ ધારક માછીમારોને કેરોસીનના સમાન ધોરણે પેટ્રોલ ખરીદી પર સહાય ચુકવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત આવા માછીમારોને ડીઝલ વેટ રાહત યોજના હેઠળ આપવામાં આવતું ડીઝલ સરકારની માન્યતા પ્રાપ્ત ડીઝલપંપો પૈકી કોઇપણ ડીઝલપંપ પરથી ડીઝલ ખરીદીવાની છૂટ આપવામાં આવી છે.જેના પરિણામે ડીઝલ વિતરણ કરતા પંપોમાં આંતરીક હરીફાઇ થવાથી માછીમારોને મૂળભૂત સુવિધાઓ તેમજ ગુણવત્તા યુક્ત ડીઝલનો જથ્થો ઉપલબ્ધ થઇ શકશે તેમજ માછીમારોને નજીકના પંપેથી ડીઝલ મળતાં ટ્રાન્સ્પોર્ટેશનનો ખર્ચ પણ ઘટી જશે.જેથી માછીમારો સરળતાથી માછીમારીનો વ્યવસાય સફળતાપૂર્વક કરી શકશે.

આ ઉપરાંત વર્ષ.૨૦૧૬.૧૭ થી વર્ષ.૨૦૨૦.૨૧ સુધી બાકી રહેલ નાના માછીમારો ટૂ સ્ટ્રોક /ફોર સ્ટ્રોક આઇ.બી.એમ./ઓ.બી.એમ. ની ખરીદી ઉપર સહાયની યોજના અન્વયે કુલ- ૧૨૮૭ લાભાર્થીઓને રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાંઇઠ હજાર પુરા) લેખે બાકી રહેલ સહાય કુલ રૂ.૭,૭૨,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત કરોડ બોતેર લાખ વીસ હજાર પુરા) રાજય સરકાર ધ્વારા મંજુર કરવામાં આવ્યા છે.

ધનતેરસમાં બજારોમાં જામી ભીડ

અમદાવાદ, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં વાહન અને સોનાની ધૂમ ખરીદી કરાઇ

અમદાવાદ,તા.૨૨

મંદીની વાતો ભલે ચાલતી હોય પરંતુ હાલ રાજયભરમાં ધનતેરસના દિવસે વાહન અને સોનાની ધૂમ ખરીદી થઇ છે. અમદાવાદ, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં વાહનોનું ધૂમ વેચાણ થયું છે. સૌથી પહેલા વાત કરીએ સુરતની તો મોટી સંખ્યામાં લોકો ટુ-વ્હીલર ખરીદવા માટે શૉ-રૂમ પર પહોંચી રહ્યા છે. જ્યારે રાજકોટમાં સોની બજારમાં લોકોની ભારે ભીડ જોવા મળી. આ તરફ અમદાવાદમાં પણ વાહનોની ધૂમ ખરીદી થઈ રહી છે. હવે લોકો નાની નહીં પણ મોટી કાર પસંદ કરી રહ્યા છે. હેચબેક કાર કરતા આ વખતે જૅંફ કારની માગ વધી છે તો જવેલર્સના શોરૂમ પર સોનુ ખરીદવા લોકોની ભીડ જામી છે.આનંદ,ઉત્સાહ,ઉમંગ,ખુશીઓના પર્વ દિવાળીની શુભ શરૂઆત થઈ ગઈ છે.

હિન્દુ પરંપરા મુજબ દિવાળીના પર્વનું એક ખાસ મહત્વ છે. આજે ધનતેરસના પવિત્ર દિવસે માતા લક્ષ્મીની પૂજા-અર્ચનાની સાથે-સાથે સોનાની ખરીદીની પણ પરંપરા છે. ત્યારે આજે રાજકોટની સોની બજારમાં સોનાની ખરીદી માટે રાજકોટવાસીઓએ ભારે ભીડ જમાવી છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001